"કેટલાં ઘટાડ્યા પેટ્રોલ-ડીઝલના ભાવ..?!"

"અરે તમને ધીરજ તો છે જ નહીં. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ જાહેરમાં કહ્યું છે કે અમે ભાવ ઘટાડીશુ પછીએ વિશ્વાસ નથી પડતો, તે કલાકે-કલાકે પુછો છો..!"

"અરે... આ તો કુતુહલતાથી પુછાયું... અને જીએસટીમાં કંઈ થયું..?!"

"ખરેખર હોં... ધીરજના ફળ મીઠા એ કહેવત તમે ખોટી પાડો છો..!"

"સાહેબ હવે તો કહેવત બદલાઈ ગઈ, ધીરજના ફળ માઠા... ઓનલાઈન યુગમાં ધીરજ રાખો... રાહ જુઓ... થઈ જશે... આ બધા જવાબો નથી ગળે ઉતરતા.

"તમે સમજો તો ખરાં કોઈ નિર્ણયો લેવાય ત્યારે સરકારી હૂકમો કરવા પડે... તંત્રને ગોઠવવું પડે... તેના આઘાત-પ્રત્યાઘાત સમજવા પડે... સરકાર ચલાવવાની છે... તમારી જેમ ફડાકાં ઓછા મારવાના છે..?!"

"ઓ...હો...હો... સરકાર ચલાવતા તમને એકલાને જ આવડે છે એવું..?!"

"ના... એવું નહીં પણ તમે બરાબર નહોતી ચલાઈ એટલે અમારો વારો આવ્યો..!!"

"... અને હવે તમે બરાબર નથી ચલાવતા એટલે અમારો વારો આવશે, ખરૂને..?!"

"આ તો તમને ધોળા દિવસે આવતા સપના છે. ચાર-ચાર વખત હાર્યા પણ હજુ સરકારના સપના આવે છે. સરકાર અમારી જ બનશે અને માત્ર અમારી જ બનશે..!!"

"ઓ...હો... ગઈકાલ સુધી તો હોંશ જ ન હતા અને આજે આટલા બધા ફોર્મમાં..?!"

"અમે તો ગઈકાલે પણ ફોર્મમાં હતા... આજે પણ ફોર્મમાં છીએ... અને આવતીકાલે પણ ફોર્મમાં હોઈશું..!!"

"કોઈ મોટી ડીલ પડી લાગે છે..?!"

"કોઈ ડીલ કે બીલ પડી નથી. જેમ જેમ ચૂંટણીનો દિવસ નજીક આવતો જાય છે એમ એમ તમારા જ તમને નુકશાન કરે છે. ટીકીટ કપાઈ નથી કે રઘવાયા થયા નથી. એવી ફોજ લઈને તમે ચાલો છો. કોઈ કડકાઈ નથી... કોઈ શીસ્ત નથી... અને બોલવામાં કોઈ સંયમ નથી... એટલે અમારે કંઈ કરવાનુ નથી. તમે જ તમારા પગ પર કુહાડા મારો છો..!"

"હં... બહુ બોલી નાખ્યું. હવે તો અમે એક થઈ ગયા છીએ... નેક થઈ ગયા છીએ... નાની મોટી તકલીફવાળા અલગ થઈ ગયા છે, હવે અમારામાં કોઈ વિચારભેદ નથી... કોઈ મતભેદ નથી... કોઈ મનભેદ નથી... અમે લડીને બતાવશુ અને જીતીને બતાવશુ."

"અરે વાહ, પડકાર ફેંકો છો અમને..? ભારે પડશે હોં..!!"

"પડકાર નથી. તમારા ૨૨ વર્ષના કાર્યો તમને પજવે છે. અમે શું પડકાર ફેંકીશુ? તમારા જ કામો તમારા માટે પડકારરૂપ બન્યા છે. એ નોટબંધી હોય... જીએસટી હોય... કે રોડ રસ્તાના કામો હોય..!!"

"જ્યાં જ્યાં અમારી ભુલ જણાઈ છે તે અમે સમયસર સુધારી લઈશુ, અને એ તો તમને ખબર છે ને કે સરકાર માત્ર ભુલને પાત્ર... ભુલ ના કરે એ સરકાર જ ના ગણાય. ભુલ ફરીથી ના કરે એ સારી સરકાર કહેવાય અને જે ભુલ સ્વીકારી લે, સુધારી લે એને શ્રેષ્ઠ સરકાર કહેવાય..!!"

"વાહ ભાઈ વાહ... તર્ક અને અર્થ કરવામાં તમે માહિર છો."

"સાહેબ... ગુજરાતનો એક એક નાગરિક તર્ક અને અર્થ કરવામાં-કાઢવામાં માહિર બની ગયો છે. સાચા-ખોટાનો ભેદ કે સારા નરસાનો ભેદ હવે સમજાઈ ગયો છે... મને તો સમજાયો... તમને પણ..."

- નિમિત્ત માત્ર

જૈન સોશ્યલ ગ્રૂપ, ગાંધીનગર આયોજીત

દિવાળી શોપીંગ મેલાનું ભવ્ય આયોજન

તા. ૮/૧૦/૨૦૧૭ થી ૯/૧૦/૨૦૧૭ - રવિવાર અને સોમવાર

સ્થળ : દિગંબર જૈન સમાજ વાડી, સેક્ટર-૨૧, ગાંધીનગર

આ મેળામાં દિપાવલીના તહેવારો માટે ઉપયોગી જીવન જરૂરિયાતની વસ્તુઓ ૪૦ થી વધુ સ્ટોલ પરથી વ્યાજબી ભાવે ઉપલબ્ધ થશે. તો નગરજનોને આ મેળાની મુલાકાત લેવા નમ્ર વિનંતી.

શરદ પૂનમ - શરદ પૂનમની રઢિયાળી રાતે સાબરને કાંઠે રાસ-ગરબાની રમઝટ જામી હતી... સ્માર્ટ પ્લસ ફિલ્મસ એન્ડ ઈવેન્ટ્સ દ્વારા આયોજીત 'શરદ રાત્રી'માં ગુજરાતના જાણીતા ગાયક અભિતા પટેલ અને વાદ્યવૃંદે ગાંધીનગરના ગરબા પ્રેમીઓને મન ભરીને ગરબે ઘુમાવ્યા હતા... સમગ્ર શહેરમાં પણ સાંસ્કૃતિક અને સામાજીક સંસ્થાઓ દ્વારા રાસ-ગરબાના કાર્યક્રમો યોજાયા હતા...

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે : દ્વારકા, ચોટીલા, ગાંધીનગર, વડનગર અને ભરૂચ લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આવકારવા આતુર

ગાંધીનગર, તા. ૬

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૭ અને ૮ ઓકટોબર દરમિયાન ગુજરાત રાજ્યની બે દિવસીય મુલાકાતે પધારી રહ્યા છે. બે દિવસ દરમિયાન તેઓ દ્વારકા, ચોટીલા, ગાંધીનગર, વડનગર અને ભરૂચમાં લોક કલ્યાણની અનેક યોજનાઓનો શિલાન્યાસ કરશે અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વના પ્રકલ્પોનું લોકાર્પણ કરશે.

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તા.૭મી ઓકટોબરને શનિવારે સવારે નવી દિલ્હીથી સીધા દ્વારકા જશે. દ્વારકામાં ભગવાન દ્વારકાધીશના દર્શન કરીને તેઓ ગુજરાત પ્રવાસનો પ્રારંભ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઓખા અને બેટદ્વારકાને જોડતા સમુદ્ર પર રૂ. ૯૬૨.૪૩ કરોડના ખર્ચે નિર્મિત થનારા ચાર માર્ગીય કેબલ સ્ટેડ સિગ્નેચર બ્રીજના નિર્માણ કાર્યનો શિલાન્યાસ કરશે અને નાગરિકોને સંબોધન કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારકાથી બપોરે ૧૨.૩૦ કલાકે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પહોંચશે. ચોટીલા નજીક ગુજરાત

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં લોખંડી સુરક્ષા કવચ

પાલજ આઈ.આઈ.ટી., રાજભવન અને રોડ બંદોબસ્ત માટે પોલીસનો કાફલો ખડેપગે રહેશે : આઈઆઈટીમાં બંદોબસ્તનું રીહર્સલ કરાયું

ગાંધીનગર, તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે શનિવારે પાટનગરમાં પધારશે. પાલજ ખાતે આઈઆઈટીના ઉદઘાટન માટે પધારનાર નરેન્દ્ર મોદીની સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસે લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો છે. આજે આઈઆઈટી પાલજ ખાતે સ્પેશ્યલ પ્રોટેકશન ગ્રુપ (એસપીજી)ના અધિકારીઓ સાથે

● અનુસંધાન પાન-૭ પર

ઉમેદવારના ખર્ચની મર્યાદામાં ૭૫ ટકાનો વધારો

જીએસટીના અમલ પછી પહેલી ચૂંટણી હોઈ હજુ પણ મર્યાદામાં વધારો કરવા પક્ષોમાં ટિકિટવાંચ્છુઓનું દબાણ

(પ્રકાશ જહા), ગાંધીનગર, તા. ૬

ગુજરાતમાં આવી રહેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ઉમેદવારના ખર્ચની મર્યાદા ૧૬ લાખથી વધારીને ૨૮ લાખ કરવામાં આવી છે.

ચૂંટણીપંચે ખર્ચની મર્યાદામાં વધારો કરવા અંગેની રાજકીય પક્ષોની રજુઆતનો ૨૦૧૪માં સ્વીકાર કર્યો હતો અને આ નિર્ણય કર્યો હતો. ૨૦૧૧માં ખર્ચ વધારાની મર્યાદામાં વધારો કરાયો હતો.

૨૦૧૨માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારના ખર્ચની મર્યાદા રૂ. ૧૬ લાખ નિયત કરાયેલ હતી જ્યારે હવે ૨૦૧૭માં આ ખર્ચની મર્યાદા વધારીને ૨૮ લાખ કરવામાં આવી છે.

આમ રાજ્યમાં પાંચ વર્ષે યોજાતી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ખર્ચની મર્યાદામાં ૭૫ ટકા જેટલો જંગી વધારો કર્યો છે.

ઉમેદવારના ખર્ચની મર્યાદામાં કરાયેલા વધારાની વાત આજકાલ રાજકીય પક્ષોમાં ટિકિટવાંચ્છુઓમાં ચર્ચાનો મુદ્દો છે. આમાં રાજકીય પક્ષો દ્વારા થતો ખર્ચ અલગ હોય છે અને તેની કોઈ મર્યાદા નથી.

ઉમેદવારના ખર્ચ પર નજર રાખવા માટે ખાસ સમિતિ અને એક નિરીક્ષકની પણ નિમણુંક પંચ દ્વારા કરવામાં આવતી હોય છે. જેમાં ઉમેદવારીપત્ર ભરાય તે દિવસથી થતા ખર્ચથી લઈ પરિણામ સુધી જે ખર્ચ ઉમેદવાર દ્વારા કરવામાં આવતો હોય છે તેના હિસાબો રજુ કરવા પડે છે. જેની ચકાસણી થતી હોય છે.

પંચ દ્વારા ઉમેદવારના ખર્ચની ચકાસણી માટે હવે નવેસરથી ભાવો નિયત કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જી.એસ.ટી.નો અમલ શરૂ થતાં હવે આ ખર્ચની મર્યાદામાં વધારો કરવો જોઈએ તેવી રજુઆત પણ પક્ષો દ્વારા કરવામાં આવે તેવી શક્યતાઓ છે. કારણ કે જીએસટીના અમલ પછી પહેલી સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે.

એસ જી હાઈવેને સિકસલેન બનાવાની યોજના મૃતપાય

સરકાર અને અધિકારીઓ બેઉ થાકી ગયા..!!! : છેલ્લા ૬ વર્ષથી કેન્દ્રના રોડ ટાન્સપોર્ટ મંત્રાલય કક્ષાએ દરખાસ્ત ધુળ ખાય છે : ગુજરાત સરકાર તેમજ ભાજપના નેતાઓએ પણ પ્રયાસો કર્યા પરંતુ કોઇ પરિણામ મળતુ નથી

ગાંધીનગર તા ૬

ચિલોડા થી સરખેજ સુધીના એસ જી હાઈવે માર્ગને સિકસલેન બનાવાનો પ્રોજેકટ છેલ્લા ૬ વર્ષથી કેન્દ્ર સરકાર કક્ષાએ અટવાયેલો છે. ગુજરાત સરકાર દ્વારા અનેકવાર આ પ્રોજેકટની મંજુરી માટે પ્રયાસ કરવામાં આવ્યા છે. જયારે માર્ગ મકાન વિભાગના સ્થાનિક અધિકારીઓએ આ માટે દિલ્હી સુધી અનેકવાર ધક્કા ખાધા છે. પરંતુ લાંબા સમયગાળા બાદ પણ આ યોજનાને આખરી કરી શકાઈ નથી. સતત ટ્રાફિકથી ધમધમતા એસ જી હાઈવે પર પ્રતિદિન ૨ લાખ વાહનો દોડી રહયા છે. પ્રોજેકટને અપગ્રેડ કરી રૂટમાં ૭ ફલાઈઓવર બનાવાના આયોજન સાથેની રીવાઈઝ દરખાસ્ત પણ છેલ્લા એક વર્ષથી ડેડ હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર થી સરખેજ જોડતા હાલ હજુ નેશનલ હાઈવેની કેટેગરીમાં સમાવિષ્ટ થતા એસ જી હાઈવેની હાલત હાલ બદતર છે. માર્ગની સરફેસ કરતા આ રૂટમાં સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહયો છે. પ્રતિદિન ૪૦ હજાર વાહનોની અવરજવરને ધ્યાને લઈ આ હાઈવેનુ નિર્માણ કરાયુ હતુ. પરંતુ હાલ આ માર્ગ પ્રતિદિન ૨ લાખ પેસેન્જર કાર યુનિટ ની અવરજવરથી ધમધમી રહયો છે. જેના લીધે આ માર્ગ પર જવાનુ હાલ કસોટીરૂપ બનતુ જાય છે. રોજબરોજ આ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ગાંધીનગર અમદાવાદ ટવિન સીટી બન્યુ છે.ત્યારે આ માર્ગ આસપાસ સ્થિત હોટલો , હોસ્પિટલો, ધર્મ સ્થાનો શૈક્ષણિક સંકુલો પણ ધમધમી રહયા છે. નજીકના વિસ્તારોમાં રહેણાંક વિસ્તારમાં અનેકવિધ સોસાયટીઓ પણ છે. આવા સંજોગોમાં વિકાસના નવા આયામો સાથે માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ ક્ષમતા કરતા વધી ગયુ છે. ત્યારે માર્ગને અપગ્રેડ કરવાની યોજના છેલ્લા ઘણાં સમયથી મૃતપાય અવસ્થામાં છે. ચિલોડાથી સરખેજ રૂટના ૪૪ કીમીના આ માર્ગને સિકસલેન બનાવવા માટેની યોજના ૨૦૧૧માં તૈયાર થઈ હતી. જયારે આ મામલે ગુજરાત સરકાર કક્ષાએથી પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ સમય જતા રૂટમાં આવતા જંકશનોને આવરી લઈ ફલાય ઓવર તેમજ બે રેલવે બ્રિજને પણ આ યોજના

● અનુસંધાન પાન-૭ પર

પેથાપુરની સ્ટેટ અર્બન હેલ્થ પ્રોજેક્ટમાંથી બાદબાકી કરાઈ

પેથાપુરને હવે ડિસ્પેન્સરીની આરોગ્ય સેવાઓ મળશે : આ ડિસ્પેન્સરી ઉનાવા પ્રા.આ. કેન્દ્ર હસ્તક રહેશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુર નગરપાલિકાની ટેસ્ટ અર્બન હેલ્થ પ્રોજેક્ટમાંથી બાદબાકી કરી હવે ડીસ્પેન્સરીની જ આરોગ્ય સેવાઓ આપવાનો નિર્ણય કરાયો છે અને ત્યાં મેડીકલ ઓફિસરની પણ નિમણુંક કરી દેવામાં આવી છે.

પેથાપુર નગરપાલિકાની વસ્તી ઓછી હોવાથી તેમજ નજીકમાં જ પ્રા.આ. કેન્દ્રની સેવાઓ ઉપલબ્ધ હોવાથી આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પેથાપુરમાં અર્બન હેલ્થ સેન્ટર માટે નિયત કરાયેલ ૫૦ હજારની વસ્તી પણ ધરાવતુ નગર નથી. બીજુ તેની નજીકનું મોટુ શહેર એ રાજ્યનું પાટનગર છે અને અહિ જિલ્લાની સૌથી મોટી હોસ્પિટલની સેવા પણ ઉપલબ્ધ હોવાથી આ નિર્ણય લેવામાં સરકારને સરળતા રહી હોવાનું જાણવા મળેલ છે.

પેથાપુર નગરપાલિકાની જેમ દહેગામ અને માણસા નગરો જે છે ત્યાં શહેરી વિસ્તારનો જ સમાવેશ થતો હોવાથી સ્ટેટ અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત આરોગ્ય સેવાઓ યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

૨૦૦૫ની સૂચનાની અમલવારી અટવાઈ...

રાજ્ય સરકારે ૨૦૦૫માં ડિસ્પેન્સરીઓને પ્રા.આ. કેન્દ્રમાં અપગ્રેડ કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓની અમલવારી જિલ્લામાં અટવાઈ જવા પામી છે. આખા રાજ્ય માટેના નિર્ણય અહિથી થાય છે પણ જિલ્લામાં ડિસ્પેન્સરીઓને અત્યાર સુધી પી.એચ.સી.ની સેવાઓ સક્ષમ અપગ્રેડ કરવામાં તંત્ર ઉદાસીન રહ્યુહોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ત્રણ નવા પી.એચ.સી. કાર્યરત થયા

ગાંધીનગર જિલ્લામાં ૨જી ઓક્ટો.થી ત્રણ નવા પ્રા.આ. કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં દહેગામ તાલુકામાં પાટનાકુવા ખાતે, કલોલમાં ધાનજ ખાતે અને માણસા તાલુકામાં વેડા ખાતે આ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે.

એકવીસમી વાર્ષિક પુણ્યતિથિએ

ભાવભીની શ્રદ્ધાંજલિ

જીવન એવું જીવી ગયા કે,
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૨૦ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે
આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

સ્વ. કુંદનબેન બી. શુક્લ
આસોવદ બીજ - સંવત-૨૦૫૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર-૧૯૯૬

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર, યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રોફ. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ, શ્રીધા, તથા સમસ્ત પરિવાર

પદ્મશ્રી ડો. એચ. એલ. ત્રિવેદી
(ડાયરેક્ટર - કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
શ્રીમતી સુનિતાબેન. એચ. ત્રિવેદી (વિદુષી)
હરિપ્રસાદ ત્રિવેદી
(ડાયરેક્ટર, એગ્રી.)
સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com